# પ્રાંતિજ ખાતે એક મકાનમાં આગ લાગતા નાસભાગ

**આગમાં ધર વખરી સહિત ધરમા રહેલ અનાજ પણ આગમાં બળીને સ્વાહા થઈ ગયું : શોર્ટ સર્કિટના કારણે આગ લાગી : મકાન માલિક સહિત પરિવારનો આબાદ બચાવ**

પ્રાંતિજ તા. ૨૬ સાબરકાંઠા જિલ્લાના



પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ દરજીવાસ માં આવેલ એક મકાન માં શોટસકિટ કારણે આગલાગતા નાસભાગ મચી જવા પામી હતી તો જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ધર વખરી સહિત ધરમા રહેલ અનાજ પણ આગમાં બળી ને સ્વાહા થઈ ગયું.



પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ દરજીવાસ રહેતા ચૌહાણ દિપકભાઈ હસમુખભાઈના મકાન માં વહેલી સવારે અચાનક શોટસકિટ ને લઈને આગ લાગતા મકાન માલિક સહિત આજુબાજુના લોકો મા નાસભાગ મચી જવા પામી હતી તો આગે જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું તો આજુબાજુમાં થી દોડી આવેલ લોકો દ્વારા પાણી નો મારો ચાલું કર્યો હતો તો પ્રાંતિજ ફાયર ટીમ ને જાણ કરતા પ્રાંતિજ ફાયર ટીમ ના મુકેશભાઈ પરમાર તથા ગોપાલભાઈ પટેલ સહિત ની ટીમ ધટના સ્થળે દોડી આવી હતાં અને લાગેલ આગ ને હોલવવામા આવી હતી પણ આગમાં માટા ભાગ ની ધર વખરી સહિત ધર માં રહેલ અનાજ પણ આગમાં સ્વાહા થઈ ગયું હતું તો મકાન માલિક સહિત પરિવાર નો આબાદ બચાવ થયો હતો.

## અમદાવાદમાં બહેરા-મૂંગા શાળા સોસાયટી સંકુલમાં

# મહાત્મા ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ

અમદાવાદ, તા.૨૬ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું છે કે, આપણા બંધારણમાં સર્વને સમાન તકની ભાવના અતૂટપણે જોડાયેલી છે. પૂજ્ય ગાંધી બાપુ પણ સર્વ સમાજના ઉત્કર્ષના આગ્રહી હતા ત્યારે આપણે તેમના વિચારોને મૂર્તિમંત કરી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવીએ તે સમયની માંગ છે.

અમદાવાદ સ્થિત બહેરા-મુંગા શાળા સોસાયટી સંકુલમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં પૂજ્ય બાપુની પ્રતિમાનું મુખ્યમંત્રીશ્રીએ અનાવરણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સામાન્ય વ્યકિત કરતાં પણ વધુ શકિત-સામર્થ્ય દિવ્યાંગજનોમાં ઈશ્વરે મુકયા છે ત્યારે આવા દિવ્યાંગોને પણ અન્ય સમાજ વર્ગ જેટલી તકો મળવી જોઈએ. રાજ્ય સરકાર તેના માટે




કાર્યરત છે. દિવ્યાંગ બાળકોના કલ્યાણ માટે કાર્યરત સંસ્થાઓને અપાતી વિદ્યાર્થી દીઠ-પ્રતિમાસ રૂા. ૧૬૦૦/-ની ગ્રાન્ટ વધારીને રૂા. ૨૧૦૦/- તાજેતરમાં કરી છે એમ તેમણે ઉમેર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે સામ્યવાદ-મૂડીવાદ સામે ગાંધીવાદ જ ટકયો છે અને રામરાજ્યની કલ્પના તેઓ હંમેશા કરતા રહ્યા. ''વૈષ્ણવજન''નું ભજન તેની પ્રતીતિ કરાવે છે. 'સ્વ'નો નહી પરંતુ 'પર'નો વિચાર કરનારા ગાંધીજીના આદર્શો આજે પણ એટલા જ પ્રસ્તુત છે.

અન્યના આંસુ લુછીને જ પરમ સુખ પ્રાપ્ત કરી શકાશે. સૌના સુખે સુખી અને સૌના દુઃખે દુઃખી એ ભાવ જ આપણી વિચારધારા છે ત્યારે આપણે આ સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત બનીએ તેવી અપિલ તેમણે કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વિકલાંગને બદલે દિવ્યાંગ શબ્દ આપ્યો છે તે દ્વારા સમતાયુકત સમાજ નિર્માણની દિશામાં આપણે આગળ વધીએ છીએ. સમાજનો કોઈપણ વર્ગ વિકાસથી વંચિત ન રહી જાય તેની ચિંતા આપણે કરી છે. રાજ્ય સરકારે સમતુલિત વિકાસના ધ્યેય સાથે દિવ્યાંગજનો-ગરીબો-પીડિતો એમ સૌનો વિકાસ કરવા પરિણામલક્ષી કામગીરી કરી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ સંસ્થાનું નિર્માણ પૂજ્ય બાપુએ કર્યુ હતું. પૂજ્ય બાપુની ૧૫૦મી જન્મજયંતિ સમગ્ર દેશ ઉજવી રહ્યો છે ત્યારે સંસ્થાએ તેમની પ્રતિમાનું અનાવરણ કરી તેમને શ્રેષ્ઠ શ્રધ્ધાંજલી અર્પી છે.

## શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની તેમજ પૂજ્ય ઠક્કરબાપાની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલી અપાશે

શ્રી ગણેશ વાસુદેવ માવળંકરની આગામી તા. ૨૭ નવેમ્બર-૨૦૧૯ બુધવારના રોજ ૧૩૨મી જયારે પૂજ્ય ઠક્કરબાપાની તા. ૨૯ નવેમ્બર-૨૦૧૯ શુક્રવારના રોજ ૧૫૧મી જન્મજયંતી નિમિતે સવારે ૧૧-૦૦ કલાકે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું વિધાનસભા અધ્યક્ષશ્રી દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગણેશ વાસુદેવ માવળંકર તેમજ પૂજ્ય ઠક્કરબાપાના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા વિધાનસભા સચિવશ્રી, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# સંવિધાન દિવસની ઉજવણીમાં મોડાસામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા વિસરાઈ

મોડાસા, તા. ૨૬ દેશનું બંધારણ ઘડવામાં ડૉ.બાબા સાહેબ આંબેડકરનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે એકબાજુ ભારત સરકાર દ્વારા બંધારણ દિવસની ઉજવણી કરવા માટે હાકલ કરવામાં આવી છે બંધારણીય દિવસના અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં લોકસભા અને રાજ્યસભાના સાંસદોની સંયુક્ત બેઠકનું સંબોધન કરી બંધારણની મજબૂતીના કારણે જ એક ભારત, શ્રેષ્ઠ ભારત તરફ આગળ વધી રહ્યા છીએ તેવું જણાવ્યું હતું બીજીબાજુ અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સ્થાપિત ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને જિલ્લામાંથી એકેય અધિકારી કે પદાધિકારીને મુલાકાત લેવાનું ટાળતા જાણે ડૉ.બાબા સાહેબ આંબેડકર એકલા હોય અને તેમને સ્વાર્થ પુરતાજ યાદ કરવામાં આવતા હોય



તેવો ઘાટ સર્જાયો હતો

કોઈ પણ રાજકીય પક્ષ એ પછી ભાજપ હોય કે કોંગ્રેસ ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામનો ફક્ત વોટ બેંક માટે જ ઉપયોગ કરતા હોય તેવો ગણગણાટ અનુ.જાતિના લોકોમાં જોવા મળી રહ્યો છે અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં સર્વોદય નગર વિસ્તારમાં આવેલી ડૉ.બાબા સાહેબની પ્રતિમા સંવિધાન દિવસની ઉજવણીમાં વિસરાઈ હતી નગરપાલિકામાં ભાજપના સત્તાધીશો, ભાજપના અગ્રણીઓ, કાર્યકરો, હોદ્દેદારો અને કોંગ્રેસના ધારાસભ્ય સહીત જીલ્લાના અગ્રણીઓ અને કાર્યકરો તેમજ ખુદ અનુ.જાતિ મોરચામાં રહેલા રાજકીય પક્ષોના અગ્રણીઓ અને કાર્યકરો અને અનામત સીટ પરથી ચૂંટાયેલા પદાધિકારીઓ પણ સંવિધાન દિવસે ન ડોકાતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. સંવિધાન દિવસની ઉજવણી ફક્ત અરવલ્લી જીલ્લામાં કહેવા પૂરતી કહેવામાં આવી હોય તેમ મહામાનવ અને વિશ્વ વિભૂતિ એવા ડૉ.બાબા સાહેબ આંબેડકરની મોડાસા શહેરના સર્વોદય નગરમાં આવેલી પ્રતિમાની જાળવણી કરવામાં પણ નગરપાલિકા તંત્ર ઉણુ ઉતરતા સામાજિક અગ્રણીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

## રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષ દ્વારા

# વડનગરમાં વાલ્મીકી સમાજના મહોલ્લામાં જઈ સવલતો અને પ્રશ્નોની સમીક્ષા કરાઈ

મહેસાણા, તા. ૨૬ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષ મનહરભાઈ ઝાલાની અધ્યક્ષતામાં મહેસાણા સરકીટ હાઉસ ખાતે બેઠક યોજાઈ હતી.જેમાં તેમણે સ્પષ્ટપણે



જણાવ્યું હતું કે રાષ્ટ્રના સફાઈ કર્મચારીઓનું હિત અને તેમનું સંવર્ધન કરવું આયોગની પ્રાથમિક ફરજ છે.રાજયના સફાઈ કર્મચારીઓનો વિકાસ થાય તે માટે આયોગ સતત પ્રયત્નશીલ રહ્યું છે.

બેઠકમાં અધ્યક્ષશ્રીએ ઉમેર્યુ હતું કે દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સ્વચ્છતાના આગ્રહી છે.સ્વચ્છતાનું કામ માત્ર સફાઈ કામદારોનું નહિ પરંતુ સમગ્ર દેશના નાગરિકોની જવાબદારી છે જે સ્વચ્છ ભારત અભિયાન થકી સાર્થક થઈ રહ્યું છે. રાષ્ટ્રની સુરક્ષા અને દેશની સ્વચ્છતા આ બન્ને સેવાઓને સલામ કરવા જેવી છે તેમ જણાવી દેશના નાગિરકોની ચિંતા કરતા સફાઈ કર્મચારીઓને માન સન્માન મળવું જોઈએ તેમ જણાવ્યું હતું

બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે રાજ્યની સરકાર સંવેદનશીલ છે સફાઈ કર્મચારીઓ માટે વારસદારને નોકરી,અશક્ત કર્મચારીઓને નિવૃત કરી તેના વારસદારને નોકરી સહિતના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. તેમ જણાવી સરકારની કામગીરીને બિરદાવી હતી.

અધ્યક્ષશ્રીએ વડનગર વાલ્મીકી સમાજના મહોલ્લાની મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન તેમણે વાલ્મીકી સમાજના પ્રશ્નો જાણી તેનું સ્થળ પર હકારત્મક નિવારણ કરવા સબંધિત અધિકારીશ્રીને સુચના આપી હતી.વડનગર વાલ્મીકી સમાજ દ્વારા અધ્યક્ષનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

અધ્યક્ષશ્રીએ વડનગર રેલ્વે સ્ટેશનની મુલાકાત કરી હતી તેમણે રેલ્વે સ્ટેશન ચા ની કીટલીની મુલાકાત કરી હતી. આ ઉપરાંત વિસામો આશ્રમની મુલાકાત કરી વડીલજનોના હાલ-ચાલ પુછ્યા હતા. સરકીટ હાઉસ ખાતે યોજાયેલ બેઠકમાં અધ્યક્ષશ્રીનું સ્વાગત સન્માન કરવામા આવ્યું હતું

સરકીટ હાઉસ ખાતે યોજાયેલ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી એચ. કે. પટેલ,જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણી, જિલ્લા પોલીસ અધિક્ષક મનિષ સિંહ, ધારાસભ્યશ્રી કરશનભાઈ સોલંકી, પુર્વ ધારાસભ્ય રમેશભાઈ ચાવડા. પ્રાન્ત અધિકારીઓ, નગરપાલિકાના અધિકારીઓ, વાલ્મીકી સમાજના અગ્રણીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# થરાદના ધારાસભ્ય લાખણીના ગણાતા ગામની મુલાકાતે

ડીસા, તા.૨૬ લાખણી તાલુકાના ગણતા ગામની થરાદ વિધાનસભા બેઠકના નવનિર્વાચીત કોંગ્રેસના કોંગ્રેસના અગ્રણી અણદાજી વાઘેલાએ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતને રજૂઆત કરી હતી જેમની રજૂઆતને ગંભીરતાથી



ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે રૂબરૂ મુલાકાત લીધી હતી અને ૨૦૧૫ અને ૨૦૧૭ ના વર્ષમાં આવેલ અતિભારે પુરના કારણે સુજલામ સુફલામ કેનાલ પર બનાવેલ રસ્તો તૂટી જવાના કારણે ખેડૂતોને પારાવાર મુશ્કેલી વેઠવી પડી હતી. જે રસ્તાઓ તૂટી જવાના કારણે ખેડૂતોને ત્રણથી ચાર કિલોમીટર દૂર ફરીને જવું પડતું હતું. ખેડૂતોને પડતી આ મુશ્કેલીને ધ્યાને લઈ ગણતા ગામના ધ્યાને લઈ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂતે રૂબરૂ સ્થળ પર મુલાકાત લઈ ઉપરી અધિકારીઓને ફોન કરી જલ્દીમાં જલ્દી આ રસ્તાનું કામ થાય તે માટે તાકીદ પણ કરી હતી તેમજ ખેડૂતોને રસ્તાનું કામ ઝડપભેર કરી અપાવવાની ખાતરી પણ આપી હતી તેમની કામ કરવાની ધગશ અને લોક લાગણીના કારણે ખેડૂતોમાં ખુશાલી છવાઈ હતી અને તેમણે યુવા ધારાસભ્યને વધાવી લીધા હતા.

## અરવલ્લી એલ.સી.બી પોલીસે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાંથી

# ફરાર બે આરોપીઓમાંથી એક આરોપીને ૭ મહિના પછી દબોચ્યો

મોડાસા,તા.૨૬ ૭ મહિના અગાઉ મોડાસા ગ્રામ્ય પોલીસસ્ટેશને કાલબેલિયા-જોગી ગેંગના બે તસ્કરોને ઝડપી પડી રિમાન્ડ મેળવતા જેતે સમયે મધ્યરાત્રીએ લોકઅપમાં રહેલા બંને ખૂંખાર શખ્શો લોકઅપના શૌચાલયની જાળી તોડી ફરાર થતા જીલ્લા પોલીસતંત્ર ઊંધા માથે પછડાયું હતું ગૃહ વિભાગ સુધી આ ગંભીર ઘટનાની નોંધ લીધી હતી જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ, જીલ્લા સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ, સહીત ૫ ટિમો બનાવી બંને આરોપીઓને ઝડપી પાડવા ધમપછાડા કરી રહી હોવા છતાં ત્રણ મહિના સુધી હવામાં હવાતિયાં મારી રહી હોય તેવો ઘાટ સર્જાતા સરેઆમ નિષ્ફળ રહી હતી સાબરકાંઠા એલસીબી પોલીસે અગાઉ એક આરોપીને ઝડપ્યા ૭ મહીના પછી અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે મોડાસાના બાજકોટ નજીકથી બાતમીના આધારે મુકેશ ઉર્ફે કાલુ માંગીલાલ જોગીને ઝડપી પાડી ૬ ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામા ઝડપાયેલો રાજુ કાલબેલિયા અને મુકેશ જોગી નામના ૨ આરોપી રિમાન્ડ પર હતા તે દરમિયાન ત્રણ મહિના અગાઉ રાત્રીના સુમારે બન્ને આરોપીને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનની કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા.મધ્ય રાત્રી પછી શૌચાલયની બારીના સળીયા કાપી આરોપી ફરાર થવામાં સફળ થયા હતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર ૫ ટિમો બનાવી સંભવિત સ્થળોએ સતત શોધખોળ હાથધરાવ છતાં પનો ટુંકો પડ્યો હતો ૭ મહિના પછી મોડાસા નજીકથી બાતમીના આધારે જેલ તોડી ફરાર ખૂંખાર આરોપી પકડાતા પોલીસતંત્રએ હાશકારો અનુભવ્યો હતો



અરવલ્લી એલસીબી પીએસઆઈ કે.કે રાજપૂત અને તેમની ટીમે બાતમીના આધારે રવિવારે બપોરના સુમારે મોડાસા શહેરમાં ચોરી-લૂંટની ઘટનાને અંજામ આપે તે પહેલા મુકેશ ઉર્ફે કાલુ માંગીલાલ જોગીનેદબોચી લીધો હતો આરોપીની વધુ તપાસ હાથધરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## પીઆઈ સ્પેશિયલ બ્રાંચ સમક્ષ હાજર

સુરત ખટોદરા પોલીસ સ્ટેશનમાં થયેલા કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં સંડોવાયેલા પીઆઈ મોહન ખીલેરી આજે સુરતમાં સ્પેશ્યલ બ્રાન્ચના ડીસીપી સામે હાજર થયાં હતાં. હાઈકોર્ટમાંથી ખીલેરીને આગોતરા જામીન મંજૂર કરવામાં આવ્યા બાદ ખીલેરી પોલીસ સામે હાજર થયાં હતાં. હાલ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહીની પ્રોસેસ ચાલુ કરી દેવામાં આવી છે.

## કંપની સમાચાર

## ભારતની સૌથી મોટી સ્પેલિંગ સ્પર્ધાનું તેની ૧૨મી સિઝન સાથે પુનઃ આગમન

આઈટીસીની ભારતની નંબર વન નોટબુક બ્રાન્ડ કલાસમેટ અને રેડિયો મિરચી દ્વારા આયોજિત ભારતની સૌથી મોટી સ્કૂલ સ્પેલિંગ સ્પર્ધા કલાસમેટ સ્પેલ બી સિઝન ૧૨નું પુનઃ આગમન થયું છે. આ સ્પર્ધામાં ભારતના શ્રેષ્ઠ સ્પેલર્સને પોતાની શક્તિ ઓળખવાની અને પોતાની અને પોતાની અજોડ સ્પેલીંગ સ્કીલ્સ માટે માન્યતા મેળવવાની તકનું પ્લેટફોર્મ સાંપડે છે. કલાસમેટ સ્પેલ બી સિઝન ૧૨માં દેશનાં ૩૦ શહેરોનાં ૧૦૦૦ થી વધુ શાળાઓમાં ધો.૫ થી ધો.૯ના ૫,૦૦,૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવશે.

આઈટીસીનાં એજયુકેશન અને સ્ટેશનરી પ્રોડકટસ બિઝનેસનાં ચીફ એકિઝક્યુટીવ શૈલેન્દ્ર ત્યાગીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે કલાસમેટ માને છે કે પ્રત્યેક બાળક અજોડ છે અને તેવી જ રીતે પ્રત્યેક શબ્દ. આથી આ વર્ષની સ્પર્ધામાં 'યુનિકનેસ'ની થીમ રાખવામાં આવી છે.

## ભારતીય પેપર ઉદ્યોગ ૧૨ ટકાનો વાર્ષિક વૃદ્ધિદર નોંધાવે તેવી શકયતા

ભારતીય પેપર ઉદ્યોગ આગામી પાંચ વર્ષમાં ૧૨ ટકાના વાર્ષિક વૃદ્ધિદર નોંધાવે તેવી શક્યતા છે. આ વૃદ્ધિદરને કારણે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં સમગ્ર પેપર વપરાશ ૨૪ મિલિયન ટનનો થાય તેવી ધારણા છે. હાલમાં આ વપરાશ વાર્ષિક ૧૫ મિલિયન ટનનો છે.

હાઈવ ઈન્ડિયાનાં ડાયરેકટર, બિઝનેશ ડેવલપમેન્ટ, ગગન સહાનીએ જણાવ્યું હતું કે, ૧૪મો પેપરેક્સ ઈન્ટરનેશનલ એક્ઝિબિશન વિશ્વનો સૌથી મોટો પેપર શૌ છે. પેપરેક્સ તે પેપર ઉદ્યોગ માટેનું યુનિફીટ બિઝનેશ પ્લેટફોર્મ છે. ઈન્ડિયન પેપર એન્ડ મેન્યુ. એઓસિએશનમાં વીપી અને સીઈઓ જે પી નારાયણે જણાવ્યું હતું કે, પેપર ઉદ્યોગ તે માનવબળ આધારિત ઉદ્યોગ હોવાથી તે ઘણી નવી પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજદારી પૂરી પાડશે.

## કોરિડોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેટલા પેસેન્જર્સ ટ્રાવેલ કરે છે. આથી બંને શહેરો વચ્ચે સેમી હાઈસ્પીડ રેલ કોરિડોર થતાં લાખો-કરોડો લોકોને આ પ્રોજેક્ટનાં ઉત્તમ પરિણામ પ્રાપ્ત થશે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ ગુજરાતનું સૌથી ઝડપથી વિકસી રહેલા શહેરોમાંથી એક છે અને તે જૂનાગઢ, જામનગર, પોરબંદર, દ્વારકા અને સોમનાથ સાથે જોડાયેલું હોવાના કારણે સૌરાષ્ટ્રનો પ્રવેશદ્વાર પણ કહેવાય છે. મુખ્યમંત્રીએ આ પ્રોજેક્ટને ઝડપથી શરૂ કરવા માટે તથા કેટલાક સર્વે કરવા માટે કહ્યું છે. સરકાર અમદાવાદ-મુબંઈ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ સાથે જ આ પ્રોજેક્ટનું કામ શરૂ કરવા ઈચ્છે છે. અંદાજ મુજબ આ પ્રોજેક્ટ માટે ૧૧,૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.



**ધાનેરા તાલુકામાં આવેલ બાપલા ગામે સાધુ ભગવંતોના આગમનથી બાપલા બન્યું ભક્તિમય**

ધાનેરા તાલુકા ના બાપલામાં આજરોજ પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતશ્રી વિજય અભયદેવસુરીસ્વરજી મહારાજ તેમજ પ. પૂ. આ. ભગવંત શ્રી મોક્ષ રત્નસુરીશ્વર જી મહારાજ આદિ પરિવાર આજરોજ બાપલા નગરે પધારેલ તે પ્રસંગે મુંબઈ થી બાપલા નિવાસી જૈન ભાઈઓ માદરે વતન માં આવી પૂજ્ય શ્રી આચાર્ય શ્રી અને સાધ્વી શ્રી ઓનું ઢોલ નગારા સાથે સામૈયુ કરેલ તેમજ વ્યાખાન માં પ્રભાવના કરેલ. તે પ્રસંગે બાપલા નિવાસી શ્રી બાબુભાઈ એમ. શાહ, ભરતભાઈ શાહ,પ્રવીણભાઈ શાહ, કીર્તિભાઈ શાહ, દલાભાઈ શાહ, ભીખાભાઈ શાહ, મુરબ્બી શ્રી ધર્માજી શાહ, તેમજ ગામના અન્ય સમાજના અગ્રણીઓ અને આગેવાનો મોનાભાઈ પટેલ, મફાભાઈ પટેલ, ખેમાભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ, મહેન્દ્રભાઈ સંઘવી, તેમજ વડીલ શ્રીઓએ પૂજય શ્રીઓના આશીર્વાદ લયી ભક્તિમય વાતાવરણ માં ઉત્સાહ થી અનેરો માહોલ ભક્તિમય બન્યો હતો.

## ઠાકરે રાજ...

● પહેલા પાનાનું ચાલુ

હતા. તેઓ નિકળી નિકળીને તમામ લોકોને મળી રહ્યા હતા. શનિવારના દિવસે બંને નેતાઓએ ચોંકાવીને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. એ વખતે દેવેન્દ્ર ફડનવીસે કહ્યું હતું કે, અજીત પવારે એનસીપી ધારાસભ્યોના સમર્થન પત્રો સોંપેલા છે અને તેમની પાસે બહુમતિ છે. અલબત્ત થોડાક સમય બાદ જ એનસીપીના વડા શરદ પવારે કહ્યું હતું કે, આ અજીત પવારનો અંગત નિર્ણય હતો અને પાર્ટી આનાથી સહમત ન હતી. ત્યારબાદ એવું દબાણ લાવવામાં આવ્યું હતું કે, સરકાર ત્રણ દિવસ સુધી પણ ચાલી શકી નથી. ગઈકાલે રાત્રે ત્રણેય પક્ષોએ શક્તિ પ્રદર્શન કરીને ૧૬૨ ધારાસભ્યોની પરેડ કરાવી હતી. શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેની સાથે પત્રકાર પરિષદ યોજીને શરદ પવારે પોતાની પાસે બહુમતિ હોવાનો દાવો કર્યો હતો. શનિવારના દિવસે શરદ પવારે એવા એક ડઝન ધારાસભ્યોમાંથી અડધા ધારાસભ્યોને પરત પોતાની ટીમમાં બોલાવી લીધા હતા. શિવસેના, કોંગ્રેસ અને એનસીપી દ્વારા મુંબઈમાં ૧૬૨ ધારાસભ્યોની પરેડ કરાવવામાં આવી હતી. અજીત પવારને બાદ કરતા તમામ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે દેવેન્દ્ર ફડનવીસ અને અજીત પવાર સરકાર બનાવી રહ્યા હતા ત્યારે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચતા અનેક પ્રકારની સમસ્યા ઉભી થઈ ગઈ હતી. સુપ્રીમ કોર્ટના નિર્ણયથી તેમની તકલીફ વધી ગઈ હતી. કારણ કે, સુપ્રીમ કોર્ટે બુધવારના દિવસે ફ્લોર ટેસ્ટ કરવા માટેના આદેશ કર્યા હતા. સુપ્રીમ કોર્ટના આદેશના થોડાક સમય બાદ જ અજીત પવારે નાયબ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપી દીધું હતું. ત્યારબાદ દેવેન્દ્ર ફડનવીસે પણ રાજીનામુ આપી દીધુંહતું. આની સાથે જ મહારાષ્ટ્રમાં શનિવારથી શરૂ થયેલા નાટ્યાત્મક ઘટનાક્રમનો અંત આવ્યો હતો. અજીત પવારે ભલે શનિવારના દિવસે નાયબ મુખ્યમંત્રી પદ સ્વીકાર કરીને તમામને ચોંકાવી દીધા હતા પરંતુ શરદ પવાર અને પરિવારના અન્ય સભ્યો તેમને મનાવવામાં લાગેલા હતા. એમ માનવામાં આવે છે કે, શરદ પવારના પત્નિ અને સુપ્રિયા સુલેના પતિ સદાનંદ દ્વારા અજીત પવાર સાથે વાત કરવામાં આવી હતી અને તેમને મનાવી લેવામાં આવ્યા હતા.